# પ્રસ્તાવના

અત્યાર સુધીની આપણી ખગોળિય વિજ્ઞાનની જાણકારી પ્રમાણે સમસ્ત બ્રહ્માંડમાં એક જ જીવંત ગ્રહ હોય તો તે છે આપણી પૃથ્વી. પૃથ્વીના ભૂપુષ્ઠ અને વાતાવરણમાં જ એવી અનુકૂળતા સર્જાઈ કે જેને લીધે પૃથ્વીની કૂખે આદિ જીવનો પ્રાર્દુભાવ થયો. એ જીવના ક્રમિક વિકાસ થકી વનસ્પતિ અને પ્રાણીઓની લાખો પ્રજાતિઓ રૂપે જીવન વિલસ્યું.

એક વર્ષમાં સૂર્યની પ્રદક્ષિણા ફરતી પૃથ્વીને સર્જનહારે પોતાની જ ધરી પર ચક્કર ચક્કર નર્તતી રમતી મુકી. જેને લીધે આપણને મળ્યા દિવસ-રાત અને સવાર-બપોર-સાંજ જેવા કાળખંડોની વિવિધતા. એમાંથી ઉદ્‌ભવ્યા ક્ષણે ક્ષણે પલટાતાં તેજ-છાયાના અવનવાં રૂપ.


આમ સર્જનહારે દિવસ-રાતની વિવિધતા તો આપી પણ ભમરડાની જેમ ફરતી પૃથ્વીની ધરી સહેજ ત્રાંસી નમાવી ઋતુઓનું વૈવિધ્ય આપ્યું અને આપણા જેવા દેશને તો એકમેકથી નિરાળી છ ઋતુઓનો ઋતુસંસાર આપ્યો.

આ પુસ્તકમાં નિસર્ગના અવનવાં રૂપો જેવાં કે ઋતુસંસાર, પંખીલોક, કીટલોક, વૃક્ષલોક તથા પવન-આકાશના પલટાતાં રમણીય રૂપો વિશેના નિબંધો છે.

અન્ય કોઈ સૂર્યમાળાના કોઈ ગ્રહ પર કે તારા પર જો માણસજાતને જવું વસવું હોય તો પણ આપણાથી નજીકમાં નજીકનો તારો આપણાથી ચાર પ્રકાશવર્ષ દૂર છે - જ્યાં પહોંચવું અશક્ય જ છે. તેથી આપણાં અને પૃથ્વી પરના અનેક જીવો માટે રહેવા જીવવા એક જ સ્થાન છે - આપણી પૃથ્વી. પૃથ્વીની નિસર્ગ લીલાને જોઈએ જાણીએ અને જાળવીએ.

આશા છે કે અર્હનીશ ચાલતી નિસર્ગલીલાનો એક આલેખ તમને ગમશે - પોતીકો લાગશે.

**– યજ્ઞેશ દવે**



## જમીન આકાશની બે પંખી-રાણી

વિટ્ ટિટિવ્ ટિટ્ એ અવાજ કોણે નહીં સાંભળ્યો હોય? ટિટોડી બોલવાનું શરૂ કરે ત્યારે વિટ્ સ્વરના ઉપાડથી એવું લાગે કે તે મહાપ્રાણ એકશ્વાસે દિગંત-વ્યાપી મોટી તાન મારી દેશે પણ ટિટિવ્ સ્વર આવતાં આ અંદાજ આવી જાય કે એ ગાન તો તે હમણાં જ આટોપી લેશે.

ટિટોડીના અવાજની બીજી ખૂબી મને એ લાગે છે કે તેનો અવાજ મનમાં એક મોટો વિસ્તાર જગાડે છે જેમ મસ્જિદની આઝાન. ટિટોડીને સાંભળતાં એવું લાગે કે ગીચ વસ્તી મેદાન થઈ ગઈ છે અને મન તો જાણે આકાશનો જ વ્યાપ. એક વિસ્તૃત અવકાશ અને વચ્ચે એકાકી ટિટોડીનો, આર્જવભર્યો આર્ત ચિત્કાર જાણે સાંજની છાતીમાં ખંજર. આ ટિટોડી આમ ભલીભોળી ગરીબડી ભલે લાગે પણ આમ છે બહુ પ્રગલ્ભ.

ચોમાસાની શરૂઆતમાં જ્યારે ઉજ્જડ વેરાન પથરાળ જમીન પર નાના કાંકરા ભેગા કરી નાના જ્વાળામુખીના મુખ જેવો માળો બનાવ્યો હોય તેની નજીક તમે જાવ ત્યારે જો તેના માળા તરફ તમારું ધ્યાન ન હોય તો ચૂપચાપ ઈંડાં સેવવાનું પડતું મૂકી જાણે કશુંક જાણતી જ નથી તેમ બેફિકરાઈથી ચાલવા માંડે ને ચાલ પણ કેવી રીતે પ્રગલ્ભ! લાંબા પાતળા પગ પર પાતળી દેહયષ્ટિ. એક એક ડગલું ચાલે કોઈ દમામદાર સમ્રાજ્ઞીની જેમ. જગતઆખું જાણે તેને જ જોતું હોય અને તેનાથી તે સભાન હોય છતાં એક કૃત્રિમ બેફિકરાઈ દેખાડતી હોય તેમ આમતેમ ગર્વિષ્ઠ ચાલે ચાલતી, જોતી હોય. પણ જો તમારી નજર તેનાં લંબગોળ, સુંવાળા, કાળા, રાખોડી ટપકીદાર પથ્થર જેવાં ઈંડાં પર પડી તો ખલાસ. માથા પર ટિટિયારો

મચાવી મૂકે. ઓચિંતાની માથા પર ખાબકે. ઉપર જ પાંખો ફફડાવતી ઊડ્યા કરે. ક્યારેક ચાંચ મારવા ઝંપલાવે, ક્યારેક અવકાશમાં ચીસની એક ત્રાંસી રેખા દોરી દૂર જતી રહે. ફરી આમતેમ ચીસોના લીરા ઉડાડે. ક્યારેક ઉલ્લુ બનાવવા થોડે દૂર જઈ બેસે. ત્યાં ધીમે ધીમે ચાલે કે ખોટો ખોટો જ જમીન પર ઈંડાં સેવવા બેઠી હોય તેવો ઢોંગ કરે. તમે છેતરાઈને ત્યાં જાવ તો કશું જ ન મળે.

ઈંડાંમાંથી જો બચ્ચાં નીકળ્યાં તો તેની રખેવાળી, ચોકીદારી પાકી કરે. જીવ પર આવીને ઝનૂનથી તેની રક્ષા કરે. ઈંડું સેવાય પછી બચ્ચાં પણ કેવાં જાણે પોચાં પોચાં પથ્થરિયા પોલ! જમીન પર દડબડ દડબડ દોડતાં હોય. એકાદો પગ લંગડાઈને ગલોટિયું ખાઈ જાય. ફરી પાછાં દડબડ દડબડ દોડવા લાગે. નજીક કોઈ જાય તો ચપ, જમીનસરસાં ચંપાઈ સંતાઈ જાય. દૂરથી લાગે કે જાણે નાનો પથ્થર પડ્યો છે. તમે જો તેને શોધી પકડવા જાવ તો આમતેમ દોડતાં લપાતાં સંતાતાં જાય ને ક્યારેક કાળાં ઢેફાંની ઓથે દબાય તો ક્યારેક બોરડીનાં ઝાંખરાંમાં ભરાય. આ બધી રમત વચ્ચે જીવલેણ ટિટોડીનો ટિટિયારો તો ચાલુ જ હોય.

નાનપણમાં પોરબંદરમાં તો જાદુઈ ખજાનો શોધવા નીકળ્યા હોય તેવી રીતે ટિટોડીનાં ઈંડાં શોધવા જતા અને જો તે જડી આવે તો નજીકના મિત્રોને પણ બાતમી આપતા નહીં. રાજકોટમાં યુનિવર્સિટી આસપાસનાં મેદાનોમાં, તેને ધરાઈને જોઈ છે. અમારો એક મિત્ર અનંતમૂર્તિ તો તેના પર રિસર્ચ કરતો. ગૉગલ્સ, કૅપ પહેરીને કલાકો સુધી તેની દિનચર્યાનું અવલોકન કર્યા કરતો, તેની વસાહતો નોંધતો… કોઈને તેની નવાઈ લાગતી તો વળી પૂછતુંય ખરું, “આ શું આખો દી ટિટોડીની વાંસે હરફર કઈ રે રાખો સો? ઈમાં તે વળી શું જાણવાનું હોય?” અમારો તે ટિટોડીમિત્ર કહે, એમાંય ઘણું જાણવાનું છે. તે જે સંશોધન કરી ડૉક્યુમેન્ટ કરતો તેવી પીળી ટિટોડી ક્યારેક નદીના પટમાં રડીખડી જોવા મળતી અને હા, એક ટિટોડીએ તો અગાશી પર પણ માળો બાંધ્યો. અહીં ફરી રાજકોટમાં આવવાનું થયું છે અને શહેરથી દૂર ખુલ્લી જમીન વચ્ચે રહેવા મળ્યું છે, તો એવું લાગે છે કે જાણે ફરી ટિટોડીનું સાંનિધ્ય સાંપડ્યું છે.

ક્યારેક સાંજના ધૂંધળા અંધકારમાં જમીન અને અંધકાર સાથે લગભગ ભળી જતી ટિટોડીઓનું મૂગું ઝુંડ જોઉં છું. અરવ પગલે એ પ્રગલ્ભ ટિટોડીઓ થોડું ચાલી ઊભી રહી જાય છે. એમની એ મૌન ગતિથી સાંજ વધુ રહસ્યમય થઈ જાય છે.

એ તો હતી જમીનની મહારાણી ટિટોડી. આકાશને ય એક એવી સમ્રાજ્ઞી મળી છે - સમળીરૂપે. મધ્યાહ્નનો પ્રહર હોય, બળબળતી લૂના ઊનાઊના થપાટા વાગતા હોય, તડકો જાણે તિખારાની જેમ વરસતો હોય. પડછાયા તડકાના માર્યા તેના પાયામાં સંતાઈ ગયા હોય, આકાશમાં એક ચકલુંય ફરકતું ન હોય, વૃક્ષો તેના કૃપણ પરછાયાની સરવાણી ચાટતાં હોય ત્યારે આકાશમાં નજર કરી જો જો. આકાશમાં ઊંચે ઊંચે બે-ચાર સમળી જરૂર સેલારા મારતી નજરે પડશે.

ક્યાંય ઊડવાનું નહીં. ક્યાંય પહોંચવા પાંખો વીંઝવાની નહીં. બસ કેવળ દીર્ઘ ચક્કર ઉડ્ડયન... એક ધીમું લલિત લાસ્યયુક્ત ગ્લાઇડિંગ. પાછળની પાંખને ઍન્ટેનાની જેમ સહેજ ઝુકાવે અને સહેજ તિર્યક્ દિશામાં ગોળ ચાપ દોરતી તે આગળ સરકે. એમ જ તેના ઉડ્ડયનથી મોટું વર્તુળ રચતી જાય. એ જ અલસ ઉડ્ડયનમાં રાચતી સમળી નીચે જો કશુંક, જીવજંતું જેવું જોઈ જાય તો પાંખો શરીર સરસી જડી દઈ તીરની જેમ નીચે આવી, ઝપાટાબંધ ચીલઝડપ કરી જાય. જોકે તેની આવી ચેષ્ટા છતાંય તેના માટેનો સ્થાયીભાવ તો માનનો જ રહે. મને તો તે કોઈ સમ્રાજ્ઞી જેવી જ લાગી છે. તીક્ષ્ણ ચાંચ, તીક્ષ્ણ નહોર અને તેથીય તીક્ષ્ણ નજર. આખા ભૂમિ-દશ્યને જાણે એક નજરમાં પામી લેતી ન હોય? ‘વિહંગાવલોકન’ તે શબ્દ કદાચ સમળીને જોવાથી જ સૂઝ્યો હશે. દૂરથી રોજ જોયેલી સમળીને પહેલી વાર નજીકથી જોઈ ત્યારે બહુ જ અજાણી લાગેલી.

સમળી આમેય વહાલી તો હતી જ, પણ હૃદય પર તેનો હકદાવો પાકો કરાવવા તે તો જીવનાનંદદાસનેય લઈ આવી. જીવનાનંદદાસને તેની આંખ નેતરના પીળા ફૂલ જેવી લાગી છે. આકાશમાં તેનું કંદન કોઈ કરુણાભાવને જગાડે છે. તેની પાંખમાં ગઈ કાલના તડકાની ગંધ છે, તો કોઈ પીપળાની ડાળે બેઠેલી નર સમળીની ઝાકળભીની આંખ જેવાં નક્ષત્રો છે.

આજેય બપોરે આકાશમાં નજર કરું છું અને જો સમળી નથી દેખાતી તો મન પાછું પડે છે. બપોરને બપોર કહેવા મન રાજી થતું નથી. આટલો બૃહદ્ નિરવધિ અવકાશ આમ અમસ્તો અનુભવાતો નથી, પણ જ્યારે તેમાં સમળી નામનું તરતું ટપકું મળે છે ત્યારે જ તે અનુભવાય છે.